**ફોજદારી કેસ નં.૬૬૯/૨૦૨૧**
**(જજમેન્ટ)**

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૯/૦૧/૨૦૨૧ |
| રજીસ્ટર કર્યા તારીખ | ૦૯/૦૧/૨૦૨૧ |
| નિકાલ કર્યા તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૫ ૦૩ ૦૬ |

**મહે.મહુવાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મહુવા, જિ.સુરત**

**ફોજદારી કેસ.નં.૬૬૯/૨૦૨૧**

**આંક –........**

ફરિયાદીઃ શ્રી. સરકાર

વિરુદ્ધ

આરોપીઃ અજયભાઇ સત્યનારાયણ તિવારી
રહે. મોરારી ગામ, સાંઇ શ્રધ્ધ એપાર્ટમેન્ટ,
ઘર નંબર ૪૦૩, તા. જી. વલસાડ

**ગુનોઃ–પ્રોહી. એકટની કલમ–૬૫ એએ મુજબ.**

---

**સરકાર તરફે એ.પી.પી.શ્રી -- એમ.યુ.પટેલ**
**આરોપી તરફે વિ.વ.શ્રી. -- કોઈ નહીં**

---

**--//ઠરાવ//--**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર તા.૦૪/૧૨/૨૦૧૯ ના રોજ કલાક ૦૯/૦૦ વાગે મોજે. મીયાપુર ત્રણ રસ્તા ઉપર જાહેરમાં પોતાના કબજાની ડિસ્કવર મો.સા. નં. GJ-15-AC-5146 ના ઉપર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલી નંગ–૬૦ કિં.રૂ.૬૦૦૦/– નો પ્રોહી મુદામાલ રાખી પકડાઇ જઇ ગુનો કરેલ હોય તેની સામે ઉપર મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં

આવેલ છે.

(૨) આ કામે હાલનાં આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેતા નથી જેથી આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવા માટે નામદાર કોર્ટ દ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૯૯ અને બી.એન.એસ.એસ.ની કલમ-૩૩૫ મુજબ સદરહુ કામે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત સાબિત કરવાં માટે આંક–૦૬ થી PW – 1 પંચ અહ્લારખાભાઈ હુસેનમીયા શેખને તપાસેલા છે. તેમજ આંક–૦૭ થી પંચનામું રજૂ કરેલ છે તથા આંક–૦૮ થી PW– 2 પંચ સંદિપભાઈ અમૃતભાઈ પટેલને તપાસેલા છે તથા આંક–૧૧ થી PW – 4 ફરીયાદી બુધાલાલ હેમુભાઈને તપાસેલા છે તથા આંક–૧૨ થી ફરીયાદ રજૂ કરેલ છે તથા આંક–૯ થી PW – 3 ત.ક.અમલદાર નિમેષભાઈ દયાળભાઈને તપાસેલા છે.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલ છે.

(૩) **આ કામે કેસનાં આખર નિકાલ માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થયેલા છેઃ–**

૧. શું ફરીયાદપક્ષ નિશંકરીતે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદાર તા.૦૪/૧૨/૨૦૧૯ ના રોજ કલાક ૦૯/૦૦ વાગે મોજે. મીયાપુર ત્રણ રસ્તા ઉપર જાહેરમાં પોતાના કબજાની ડિસ્કવર મો.સા. નં. GJ-15-AC-5146 ના ઉપર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલી નંગ–૬૦ કિં.રૂ.૬૦૦૦/– નો પ્રોહી મુદામાલ રાખી પકડાઇ જઇ પ્રોહી. એકટની કલમ–૬૫એએ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમત(ચાર્જ) ઘડી શકાય તેમ છે?

૨. શું હુકમ?

(૪) **ઉપરોકત મુદાઓનાં મારાં નિર્ણય નીચે મુજબ છેઃ**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**--// કા ર ણો //--**

(૫) **મુદા નં.૧–**

ફરિયાદીપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સદર કામે પંચ સાહેદ અલ્લારખાભાઈ હુસેનમીયા શેખ અને પંચ સાહેદ સંદિપભાઈ અમૃતભાઈ પટેલને તપાસવામાં આવેલ છે તેઓની સોગંદ પરની જુબાનીઓ જોવામાં આવે તો તેઓએ પંચનામાથી વિપરીત પ્રકારનો પુરાવો રજુ કરેલ હોય તે સંજોગોમાં આંક-૦૭ વાળા પંચનામાની હકીકતો સાબિત થતી નથી. પંચ સાહેદોની જુબાનીઓથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી તેમ આ અદાલતનું માનવું છે. જેથી પંચ સાહેદોની જુબાનીઓથી પંચનામાની હકીકતોને સમર્થન મળતુ ના હોય જેથી હાલના કામે પંચનામાને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય નહી. વધુમાં, પંચોની જુબાનીઓ વંચાણે લેતા પંચનામાની હકીકત કે કેસની હકીકત પુરવાર થતી હોય તેવુ માની શકાય નહી જેથી એવુ કહી શકાય નહી કે હાલના આરોપીએ સદર ગુનો કરેલ છે અને જ્યારે પંચ સાહેદો પંચનામા અને કેસની હકીકતથી ઉલટ જુબાનીઓ આપતા હોય ત્યારે પંચનામાની અને કેસની હકીકત પુરવાર થતી હોય તેવુ કહી શકાય નહી અને હાલની જુબાનીઓ જોતા સરતપાસમાં તેઓ પંચનામાની હકીકતથી અલગ હકીકતો જણાવે છે, જેથી તેમની જુબાનીઓમાં વિરોધાભાસ જણાય છે. તેઓનો પુરાવો સદર કેસની હકીકતોને સાબિત કરવામાં મદદરૂપ બનતો નથી. આમ, તેઓની જુબાનીઓથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

વધુમાં, ફરીયાદપક્ષે પોલીસ ફરીયાદી બુધાલાલ હેમુભાઇને અને તપાસ કરનાર અમલદાર નિમેષભાઈ દયાળભાઇને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાનીઓ જોવામાં આવે તો તેઓ પોલીસ ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર હોય તેઓ પોતાની ફરીયાદને તથા તપાસને સમર્થનકારી જુબાનીઓ આપે તે સ્વાભાવીક છે અને તેઓની જુબાનીઓ મુજબ તેઓએ બે પંચોના માણસો રૂબરૂ મો.સા. ચાલકનું નામઠામ પુછેલ

હોવાનું જણાવેલ છે પરંતુ સદર કામે તપાસવામાં આવેલ પંચોએ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ નથી. વધુમાં, સદર કામના આરોપીને સદર સાહેદોની જુબાનીઓ જોતા જાહેર જગ્યાએથી પકડેલ હોવાનું જણાઇ આવે છે પરંતુ સદર કામે ચાર્જશીટ જોતા સદર કામે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતાં કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાનીઓના આધારે આરોપી ઉપર તહોમત ઘડવા લાયક પુરાવો ન હોય જેથી ઉપરોકત તમામ કરેલ ચર્ચા અને પંચો અને પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપી સામે તહોમત ઘડી શકાય નહી.

વધુમાં, આ કામે ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી ત્યારે આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો દિલીપ સાન્શી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, " **<u>In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of proving the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person."</u>** હાલના કેસમાં પણ આરોપી પાસેથી કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે કે કેમ તે સંદર્ભે પંચ સાહેદ કોઈ હકીકત જણાવતા નથી. ત્યારે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)</u>** માં નામ.ગુજરાત હાઈકોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતાં ન હોય ત્યારે ફરીયાદપક્ષનાં સદર પુરાવા ઉપર માત્ર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહીં.

આમ, આ કામે ફરીયાદપક્ષના રજુ પુરાવા આધારે આરોપીઓ વિરૂધ્ધ તહોમત ઘડવાલાયક પુરાવાનો અભાવ હોય જેથી મુદા નં.૧ નો નિર્ણય

નકારમાં આપું છું અને મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–// આ ખ રી હુ ક મ //–</u>**

૧. આરોપી અજયભાઇ સત્યનારાયણ તિવારીનાઓને સી.આર.પી.સી.ની કલમ–૨૩૯ મુજબ ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. પ્રોહી મુદામાલનો અપીલ સમયબાદ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ ૧૫મી, માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૪/૨૦૨૬
મહુવા, જિ.સુરત

**(દેવાંશુ શર્મા)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જયુડી.મેજી.ફ.ક.,**
**તા.મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૬૧૯**